# આજનુ પેપર

# CTET

## તારીખ-9/12/18

**www.pravinvankar.com**

## ગુજરાતી ભાષા ભાગ-2

Scanned by CamScanner

## Part—IV / ભાગ-IV

## Language—I / ભાષા-I

## Gujarati / ગુજરાતી

| પરીક્ષાર્થીઓ ભાગ-**IV** (પ્રશ્ન **91–120**) ફક્ત ગુજરાતી ભાષા-**I** નો વિકલ્પ પસંદ કરનારે જ લખવા. |
|---|

*નિર્દેશ* : નીચેના સવાલોના જવાબ યોગ્ય વિકલ્પ પસંદ કરીને લખો (પ્રશ્ન ક્રમાંક **91–105**) :

**91.** ગોખણપટ્ટીની ટેવથી વિદ્યાર્થીઓને શું નુકસાન થાય છે?

(1) તેઓ વર્ગખંડ શિક્ષણથી વિમુખ થઇ જાય છે

(2) ભણતર પર તેઓ સમુચિત ધ્યાન કેન્દ્રિત નથી કરી શકતા

(3) તેમની બુદ્ધિમતાનો વિકાસ થતો નથી

(4) તેમનો આત્મવિશ્વાસ ડગમગી જાય છે

**92.** ભાષાશિક્ષણમાં આગમનાત્મક પદ્ધતિનો એક લાભ એ છે કે.........

(1) વર્ગખંડમાં શિસ્ત જળવાઇ રહે છે

(2) વિદ્યાર્થીઓ ઓછા સમયમાં વધુ શીખી શકે છે

(3) વિદ્યાર્થીઓએ ગૃહકાર્ય કરવું પડતું નથી

(4) ગોખણપટ્ટીની આદતથી વિદ્યાર્થીઓ દૂર રહે છે

**93.** ભાષા કઇ રીતે અભિવ્યક્તિ અને અભિપ્રાયો વ્યક્ત કરવાનું શ્રેષ્ઠ માધ્યમ છે?

(1) પ્રચાર

(2) સંગ્રહ

(3) વિનિમય

(4) આ બધાં જ

**94.** એક ભારતીય બાળકને શું શીખવું જરૂરી છે?

(1) માતૃભાષા અને અંગ્રેજી

(2) કોઇપણ ત્રણ ભાષાઓ

(3) માતૃભાષા

(4) માતૃભાષા અને પ્રાદેશિક ભાષા



Scanned by CamScanner

95. એક સમાવેશી વર્ગખંડમાં ભાષાશિક્ષણ માટે એક પડકાર નીચેનામાંથી કયો છે?

(1) વિદ્યાર્થીઓની ક્ષમતામાં વિષમતા

(2) વિદ્યાર્થીઓની રુચિમાં ભિન્નતા અને અસમાનતા

(3) ભાષા શિક્ષણના યોગ્ય વાતાવરણના વિકાસની અક્ષમતા

(4) યોગ્ય શિક્ષણ સામગ્રીનો અભાવ

96. નીચેનામાંથી કઇ બાબત માતૃભાષા શિક્ષણના જ્ઞાનનો હેતુ નથી?

(1) ઉચ્ચારણનું જ્ઞાનાર્જન

(2) ભાષામાં વિવિધ પ્રકારના લખાણનું જ્ઞાનાર્જન

(3) ભાષા તત્વનું પર્યાપ્ત જ્ઞાનાર્જન

(4) વિષયવસ્તુનું જ્ઞાનાર્જન

97. નીચેમાંથી કઇ બાબત 'ટિચિંગ મેથડ' છે?

(1) ચયન પદ્ધતિ (સિલેક્શન મેથડ)

(2) રુચિ પદ્ધતિ (ઇન્ટરેસ્ટ મેથડ)

(3) પ્રેરણાપદ્ધતિ (મોટિવેશન મેથડ)

(4) આ બધી જ

98. ભાષાશિક્ષણમાં દશ્ય-શ્રાવ્ય ઉપકરણો કઇ રીતે ઉપયોગી છે?

(1) ચોક્કસ ઉચ્ચારો માટે

(2) શુદ્ધ લેખન માટે

(3) શુદ્ધ વાચન માટે

(4) આમાંથી એકપણ નહીં

99. ઉપચારાત્મક શિક્ષણ (રેમેડિયલ ટીચિંગ) એક મેથડ (પદ્ધતિ) છે જે......

(1) સમસ્યાઓને આડાઅવળા ક્રમમાં પ્રસ્તુત કરે છે

(2) સમસ્યાઓ વિશેના ભાષા સિદ્ધાંતો ઉપલબ્ધ કરાવી આપે છે

(3) સમસ્યાઓને પારખવાની મુશ્કેલીના સ્તરને વધારે છે

(4) સમસ્યા દૂર કરવામાં સફળતા અપાવે છે



Scanned by CamScanner

**100.** ભાષાશિક્ષણના સંદર્ભે નબળા વિદ્યાર્થીઓ માટે સૌથી ઉચિત શિક્ષણ વ્યૂહરચના કઇ છે?

(1) વ્યક્તિગત શિક્ષણ

(2) સમૂહ શિક્ષણ

(3) કાળજીપૂર્વક બારીકાઇથી ભણાવવું

(4) આ બધાં જ

**101.** ભાષા શિક્ષણના હેતુલક્ષી મૂલ્યાંકન માટે એ કેવા પ્રકારનું હોવું જરૂરી છે?

(1) હેતુલક્ષી અને સમીક્ષાત્મક

(2) આકલનકેન્દ્રી અને વર્તનલક્ષી

(3) ભરોસાપાત્ર અને માન્ય

(4) આ તમામ જ

**102.** નીચેમાંથી કઇ બાબત ભાષા શિક્ષણનો હેતુ નથી?

(1) લેખન દક્ષતા

(2) સર્જનાત્મકતા

(3) વિચારોનું પ્રકાશન

(4) ભાષાની સમજણ

**103.** ભાષા કૌશલ્યના સંદર્ભે નીચેનામાંથી કયુ વિધાન ખોટું છે?

(1) વાચન અને લેખનકૌશલ્ય પર શાળામાં વધુ ભાર આપવો જોઇએ

(2) ભાષાના ચારેય કૌશલ્યો પરસ્પર સંબદ્ધ છે

(3) ભાષાકૌશલ્યના વિકાસ કરતાં પણ ભાષાનાં નિયમો વધુ મહત્વના છે.

(4) બાળકો ફક્ત શ્રવણ, વાણી, વાચન અને લેખન એ ક્રમમાં જ ભાષા શીખે છે.

**104.** ''બાળકને જે ભાષાનું વ્યાકરણ ન આવડતું હોય તે ભાષા બાળક જલ્દી શીખી જાય છે'' - આ વિધાન કોનું છે?

(1) લોર્ડ મેકોલે

(2) જયોં પિગેટ

(3) મહર્ષિ પતંજલિ

(4) લોર્ડ સ્વીટ

**105.** વર્ગમાં ભણાવતી વખતે વિદ્યાર્થીઓ એમને ભાષામાં પડતી મુશ્કેલીઓ અને પ્રશ્નો તમારી સમક્ષ મુકે છે. આ સ્થિતિમાં તમે શું કરશો?

(1) તમે એમને પુસ્તક વાંચી લેવાનું જણાવશો અને પ્રશ્નના ઉત્તરો પછીથી આપશો

(2) તમે આવા વિદ્યાર્થીઓને શિસ્ત ન જાળવવા બદલ ઠપકો આપશો

(3) તમે વર્ગમાં સજ્જ થઇને જ જશો અને એમની મુશ્કેલીઓ અને પ્રશ્નોના ઉત્તરો આપશો

(4) તમે એમના પ્રશ્નો અને મુશ્કેલીઓની નોંધ કરી લેશો અને બીજા દિવસે એનો જવાબ આપશો



Scanned by CamScanner

*નિર્દેશ* : નીચે આપેલો પરિચ્છેદ ધ્યાનથી વાંચીને તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તરોમાંથી સાચો ઉત્તર શોધીને લખો (પ્રશ્ન ક્રમાંક **106–114**)

વિશ્વના કોઇપણ ધર્મના નિષ્ણાતને જીવનમાં કામિયાબ હોવાની કૂંજી પૂછશો તો એમનો એકમાત્ર સમાન ઉત્તર હશે-''પરિશ્રમ''. પરિશ્રમ, શ્રમ, મહેનત એ જીવનના કોઇપણ ક્ષેત્રમાં કામિયાબ થવાની ગુરુચાવી કે મૂલમંત્ર છે.

પરિશ્રમ એટલે ગધામજૂરી કે નરી તનતોડ મહેનત નહીં પણ કોઇપણ ક્ષેત્રની બારીકીઓને અને પરિમાણોને સમજીને યોજનાપૂર્વક કરવામાં આવતી તૈયારી. શ્રમસાધ્ય સજ્જતા એટલે સફળતાની દિશામાં મંડાતું સુકાન.

જગતમાં તમામ મહાપુરુષોએ પરિશ્રમને પારસમણિ ગણ્યો છે તો વળી ''સિદ્ધિ તેને જઇ વરે જે પરસેવે નહાય'' એવી કાવ્યકણિકાઓ પણ પરિશ્રમની સાર્થકતા ભણી અંગૂલિનિર્દેશ કરે છે તે આપણે જાણીએ છીએ. એક વાત ખાસ સ્મૃતિમાં રાખવાની છે કે અહીં વૈતરું કે મજૂરી કરવાની વાત જ નથી. પરિશ્રમ એટલે જાણે સફળતા ભણી પ્રયાણ. સફળતા એ પરિશ્રમ કરનારનો નૈતિક હક છે. પરિશ્રમ કરનાર પ્રસન્ન અને પ્રફુલ્લિત તો રહે જ છે અને સ્વસ્થ પણ રહે છે. પરિશ્રમની સાથે એક અન્ય વસ્તુ પણ 'પેકેજ'માં આવે છે તે આજના 'પેકેજ' થી પરિચિત યુવાનોએ યાદ રાખવા જેવું છે અને તે છે ધીરજ. પરિશ્રમ ગમે એટલો કરો, કામિયાબી રાતોરાત મળી જતી નથી. 'ઉતાવળે આંબા ન પાકે' એ વિસરવા જેવું નથી. પોતાના ઇચ્છિત ક્ષેત્રમાં ટોચ પર પહોંચવા માટે કોઇ ટૂંકો રસ્તો કે સામાન્ય માર્ગ લેવા કરતાં આકાશ પાતાળ એક કરવા એ થોડો લાંબો પણ સર્વમાન્ય રસ્તો છે અને આ રસ્તો લેનારને જ વિશ્વ અહોભાવ અને આશ્ચર્યથી જુએ છે. પરિશ્રમ એક એવું કલ્પવૃક્ષ છે જેની નીચે બેસનારને સફળતાનું ફળ મળે છે. શ્રમ એ તપ કે તપશ્ચર્યાથી જરાય કમ નથી. પરિશ્રમ પોતે એક એવો પથદર્શક છે જે તમારો હાથ પકડીને તમને સફળતાની રાહ પર ચલાવે છે. કામિયાબી પરિશ્રમની સહચરી છે.

પરિશ્રમની એક વધુ મજા એ પણ છે કે પરિશ્રમથી પ્રાપ્ત વસ્તુ વધુ મધુર અને પોતીકી જણાય છે. પરિશ્રમથી સ્વાસ્થ્ય ઉપરાંત સમય અને નાણાંની દૃષ્ટિએ પણ સ્વસ્થતા અને ફાયદો થાય છે. પરિશ્રમ માનવના મન અને તન બંનેને કસે છે, ઘડે છે અને આકારે છે.

ધનવાનો નિજી કામ અન્ય પાસે કરાવીને ધન્યતા અનુભવે છે પરંતુ સ્વાસ્થ્ય ગુમાવે છે જ્યારે ખંતીલો માણસ આવું કામ જાતે કરીને સ્વસ્થ અને તંદુરસ્ત રહે છે.

આમ, આપણે જોયું કે પરિશ્રમ એ સર્વ દુઃખોની દવા, સફળતાની ચાવી, તંદુરસ્તીની કૂંચી અને પ્રગતિનો પથદર્શક છે. યાહોમ કરીને પડો જ.

**106.** 'કામિયાબી પરિશ્રમની સહચરી છે' વાક્યમાં કયો અલંકાર પ્રયુક્ત થયેલો જોઇ શકાય છે?

(1) રૂપક

(2) વર્ણસગાઇ

(3) અનન્વય

(4) સજીવારોપણ

**107.** 'આકાશ પાતાળ એક કરવા' એ કેવો પ્રયોગ કહેવાશે?

(1) હવાઇપ્રયોગ

(2) ભાવેપ્રયોગ

(3) રૂઢિપ્રયોગ

(4) બળપ્રયોગ

**108.** 'કામિયાબી' શબ્દનો પર્યાયવાચી શબ્દ આપો.

(1) સાફલ્ય

(2) કામકાજ

(3) હોશિયારી

(4) કાબેલિયત



Scanned by CamScanner

109. 'કલ્પવૃક્ષ' શબ્દ કેવો સમાસ છે?

(1) તત્પુરુષ

(2) દ્વિગુ

(3) દ્વંદ્વ

(4) મધ્યમપદલોપી

110. સફળતા ભણી સુકાન માંડવા માટે શું અનિવાર્ય છે?

(1) હાડતોડ વૈતરું

(2) પ્રગતિવાદી અભિગમ

(3) મહેનત સાથેની તૈયારી

(4) યોજનાબદ્ધ કામ

111. કઇ ચીજ તપસ્યાથી ઓછી નથી અંકાતી?

(1) કામિયાબી

(2) મહેનત

(3) સફળતા

(4) નિષ્ફળતા

112. અભિભૂત થઇને અને અચરજથી દુનિયા કોના ભણી જોતી હોય છે?

(1) સ્વસ્થ અને તંદુરસ્તને

(2) તપસ્યા કરનારને

(3) પરિશ્રમપૂર્ણ પ્રયાસ કરનારને

(4) સફળતા પ્રાપ્ત કરનારને

113. મહેનતની સંગિની કોણ છે?

(1) પરિશ્રમ

(2) તૈયારી

(3) સમર્પણભાવના

(4) સફળતા

114. 'યાહોમ કરીને પડો' પંક્તિ કોની છે?

(1) રવીન્દ્રનાથ ટાગોર

(2) નર્મદ

(3) ઉમાશંકર જોશી

(4) ન્હાનાલાલ



Scanned by CamScanner

*નિર્દેશ* : નીચે આપેલ કાવ્ય ધ્યાનથી વાંચીને તેની નીચે આપેલા ઉત્તરોમાંથી યોગ્ય ઉત્તર પસંદ કરીને જવાબ આપો (પ્રશ્ન ક્રમાંક **115–120**)

અરે ભોળા સ્વામી! પ્રથમથી જ હું જાણતી હતી
ઠગાવાના છો જી જલધિમથને વ્હેંચણી મહીં!
જુઓ ઇન્દ્રે લીધો તુરગમણિ ઉચ્ચૈઃશ્રવાને
વળી લીધો ઐરાવત, જગતના કૌતુક સમો
લીધી કૃષ્ણે લક્ષ્મી, હિમસન લીધો શંખ ધવલ
અને છૂટો મૂક્યો શશિયર સુધાનાં કિરણનો
બધાએ ભેગા થૈ, અમૃત તમને છેતરી, પીધું
અને–'ભૂલે! ભૂલે! અમૃત ઉદધિનું વસત શી?
રહી જેને ભાગ્યે અનુપમ સુધા આ અધરની?
રહો, જાણ્યા એ તો જગમહીં બધે છેતરાઇને
શીખ્યા છો આવીને ઘરની ઘરૂણી એક ઠગતાં
બીજું તો જાણે કે ઠીક જ, વિષ પીધું ક્યમ, કહો?
બન્યું એ તો એવું, ઠની સખી? તહીં મંથન સમે?
દીઠી મેં આલિંગી જલનિધિસુતા કૃષ્ણ તનુને
અને કાળા કંઠે સુભગ કન એવો ભજી રહ્યો,
મને મારા કંઠે મન થયું બસ એ રંગ ધરવા–
મૂકી જો આ બાહુ ઘનમહીં ન વિદ્યુત સમ દીસે?
તહીં વિશ્વે આખે પ્રણયઘન નિઃસીમ ઊલટયો
અને એ આશ્લેષે વિષ જગતનું સાર્થક બન્યું!

**115.** આ કાવ્ય ક્યા બે ચરિત્રો વચ્ચેનો સંવાદ છે?

(1) ઇન્દ્ર ઇન્દ્રાણી
(2) પાર્વતીશંકર
(3) રાધાકૃષ્ણ
(4) રામ અને સીતા

**116.** ઐરાવત કોનું નામ છે?

(1) હાથીનું
(2) ઇન્દ્રનું બીજુનામ
(3) કૌરવોના સેનાપતિનું
(4) કૃષ્ણના સારથિનું

**117.** કૃષ્ણે પસંદ કરેલા શંખનો રંગ કવિ કેવો વર્ણવે છે?

(1) પાંચજન્ય
(2) લપોડશંખ
(3) કેસરી
(4) સફેદ

**118.** 'ઘરૂણી' શબ્દનો અર્થ શું થાય છે?

(1) ગૃહિણી
(2) કામવાળી
(3) ઘરની રાણી
(4) ઘરરખ્ખું

**119.** શેની સામે સાગરના અમૃતની કોઇ વિસાત નથી?

(1) શીતળજળ સામે
(2) પ્રણયામૃત સામે
(3) ઓષ્ઠસુધા સામે
(4) ચન્દ્રકિરણની શીતળતા સામે

**120.** જગતનું ઝેર ક્યારે અર્થસભર બને છે?

(1) શંકરના વિષપાન વખતે
(2) યાધ્વાસ્થળી વખતે
(3) શિવઉમાના આલિંગને
(4) સમુદ્રમંથન વખતે



Scanned by CamScanner

# Part—V / ભાગ-V

## Language—II / ભાષા-II

## Gujarati / ગુજરાતી

| |
|---|
| પરીક્ષાર્થીઓ ભાગ-**V** (પ્રશ્ન **121–150**) ફક્ત ગુજરાતી ભાષા-**II** નો વિકલ્પ પસંદ કરનારે જ લખવા. |

*નિર્દેશ* : નીચેના સવાલોના જવાબ યોગ્ય વિકલ્પ પસંદ કરીને લખો (પ્રશ્ન ક્રમાંક **121–135**) :

**121.** ભાષાશિક્ષણમાં શિક્ષણસામગ્રી સામે સૌથી મોટો પડકાર ક્યો છે?

(1) પાઠ પ્રત્યે વિદ્યાર્થીઓનું ધ્યાન આકર્ષિત કરવું

(2) ભણાવતી વખતે શિક્ષકોને ઓછો શ્રમ પડે તે

(3) ઓછા સમયમાં વધુ જાણકારી ઉપલબ્ધ કરાવવી

(4) શિક્ષણસામગ્રીમાં રહેલા અઘરા મુદ્દાઓને યોગ્ય ઢબે સ્પષ્ટ કરવા

**122.** 'મેધાવી વિદ્યાથીઓના ઉચ્ચારો અને શબ્દભંડોળ વધારે સારા હોય છે' – આ વિધાન કોણે કરેલું?

(1) ટર્મન (Terman)

(2) ફિશર (Fisher)

(3) થંબા (Thamba)

(4) આ બધાં જ

**123.** શબ્દોના અર્થ સ્પષ્ટ કરવા કરતાં વધુ સારી પદ્ધતિ કઇ છે?

(1) વાક્યોમાં શબ્દોના પ્રયોગો દ્વારા વિદ્યાર્થીઓને પૂર્વાનુમાનની તક આપવી

(2) ભાષાશિક્ષણના માધ્યમથી શબ્દાર્થ સ્પષ્ટ કરવા

(3) શબ્દની સમજૂતી આપવી

(4) શબ્દકોષ તપાસવો

**124.** દ્વિતીય ભાષા શીખવામાં નીચેનામાંથી કઇ વસ્તુ મુદ્રિત પાઠ્યપુસ્તક વિના મદદ કરે છે?

(1) વ્યાકરણ અનુવાદ પદ્ધતિ

(2) સ્થિતિજન્ય અભિગમ

(3) સાહજિક કે નૈસર્ગિક અભિગમ

(4) ભાષા પ્રવાહ

**125.** નીચેનામાંથી કઇ બાબત દોષપૂર્ણ વાચનનું એક કારણ છે?

(1) વર્ગમાં વિદ્યાર્થીઓની વધુ સંખ્યા

(2) વાચન વેળા આંખને દોરવણી આપવા માટે અંગૂલિપ્રયોગ કરવો તે

(3) બહુભાષિકતા

(4) દ્વિભાષિકતા



Scanned by CamScanner

**126.** નીચેનામાંથી કઇ ટિચિંગ-લર્નિંગ તકલીફને શબ્દજ્ઞાન પદ્ધતિથી (જૂની પદ્ધતિથી) હલ કરી શકાય છે?

(1) વાક્યરચનાના ક્રમમાં સહાય કરવી

(2) યોગ્ય ઉચ્ચારો

(3) બાળકોને સ્પષ્ટતાની તકલીફ ન પડે તે

(4) આ બધાં જ

**127.** નીચેનામાંથી કઇ બાબત કૌશલ્યઉદ્દેશો સાથે જોડાયેલી નથી?

(1) શ્રવણ

(2) ભાષામાં રુચિ

(3) વાચન

(4) લેખન

**128.** ભાષાવિકાસને અસર કરનાર પરિબળ કયુ છે?

(1) સ્વાસ્થ્ય

(2) બુદ્ધિઆંક

(3) વ્યક્તિગત તફાવત

(4) આ બધાં જ

**129.** એક સમાવેશી વર્ગખંડમાં બાળકો મોટે ભાગે ........... માં ભૂલો કરતા હોય છે.

(1) વાચન

(2) લેખન

(3) બોલવામાં

(4) આ બધાંમાં

**130.** 'વ્યાકરણ વ્યવહારિક અને સૈદ્ધાન્તિક બંને છે' તમે આ વિધાન સાથે કેટલે અંશે સહમત છો?

(1) પૂર્ણતઃ

(2) આંશિક

(3) સહમત નથી

(4) સહમતિ છે અને નથી

**131.** ઉચ્ચ પ્રાથમિક અથવા માધ્યમિક કક્ષાના વિદ્યાર્થીઓમાં ભાષારુચિ કેળવવા માટે એ જરૂરી છે કે ....

(1) વિદ્યાર્થીઓને વધુ શ્રુતલેખન કરાવવું

(2) વિદ્યાર્થીઓનું વ્યાકરણજ્ઞાન વધારવું

(3) વિદ્યાર્થીઓને પુસ્તક વાચવાનું કહેવું

(4) વિદ્યાર્થીઓને મૌખિક રૂપે વધુને વધુ સમજાવવા



Scanned by CamScanner

**132.** મૌખિક પ્રસ્તુતિ માટે નીચેનામાંથી કઇ પદ્ધતિ ઉપયોગી નથી?

(1) સમ્મુખ પ્રસ્તુતિ

(2) સંકેત ભાષા દ્વારા પ્રસ્તુતિ

(3) સ્વર પ્રસ્તુતિ

(4) કાવ્યપાઠ

**133.** 'માનવના સંજ્ઞાનાત્મક વિકાસ માટે માતૃભાષા એ માના દૂધ જેટલી જ મહત્વપૂર્ણ છે' – આ વિધાન કોનું છે?

(1) મહાત્મા ગાંધી

(2) વિવેકાનંદ

(3) રાજર્ષિ ટંડન

(4) રોયબર્ન

**134.** જે વિદ્યાર્થીઓને એવી ભાષાના માધ્યમથી ભણાવવામાં આવે જેના પર તેમની પકડ ન હોય તો .....

(1) એ સમુચિત ધ્યાન આપી શકે તે સંભવ નથી

(2) વિદ્યાર્થીઓ ગોખવાની આદત પાડી દે છે

(3) અભ્યાસમાં વિદ્યાર્થીઓની રુચિ ઓછી થઇ જાય છે

(4) ઉપરનાં બધાં જ

**135.** ભાષાશિક્ષણ સંદર્ભે, ભાષાના આત્મસાતીકરણનો મહત્વપૂર્ણ આયામ ક્યો છે?

(1) ફક્ત વાચન

(2) ફક્ત લેખન

(3) શ્રવણ અને વાચન

(4) ફક્ત શ્રવણ

*નિર્દેશ* : નીચેનો ફકરો કાળજીપૂર્વક વાંચીને એની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તરોમાંથી યોગ્ય ઉત્તર પસંદ કરીને લખો (પ્રશ્ન ક્રમાંક **136–143**) :

આપણો ભારત દેશ એક વિરાટ, વિશાળ, વિસ્તૃત, વિલક્ષણ, વિવિધતાપૂર્ણ અને વિધવિધરંગી દેશ છે અને એના બધાં જ રંગો દેખાય છે મેળામાં. ભારતમાં કોઇ પ્રદેશ એવો નથી જ્યાં મેળો ન યોજાતો હોય. મેળો એક પારંપારિક ઉત્સવ છે, ઉજવણી છે.

ગુજરાતની વાત કરીએ તો ગુજરાતમાં અનેક પ્રકારના મેળા યોજાય છે કેમકે ગુજરાતની પ્રજા ઉત્સવપ્રેમી, ઉત્સાહી અને ઉજવણીચાહક છે. ગુજરાતના મેળાઓની વાત કરીએ તો સૌપ્રથમ યાદ આવે તરણેતરનો મેળો. સુરેન્દ્રનગર જિલ્લામાં થાનગઢ પાસે યોજાતો આ મેળો વિશ્વવિખ્યાત છે. તો વળી શ્રદ્ધાળુઓ માટે જૂનાગઢના ભવનાથનો મેળો પણ પ્રસિદ્ધ છે, જ્યાં શિવરાત્રિ ઉપર અનેક અખાડાના સાધુ, સંતો, મહંતો અને ભક્તોની ભીડ જામે છે.

આ થઇ સૌરાષ્ટ્રની વાત. ઉત્તર ગુજરાતમાં પણ હૈયે હૈયુ દળાય એવો વૌઠાનો મેળો અને બહુચરાજીનો મેળો પ્રખ્યાત છે, તો અંબાજીનો મેળો પણ એટલો જ લોકપ્રિય ઉત્સવ અરવલ્લી જિલ્લામાં ગણાય છે. દેવમંદિર મેળા માટેનું મુખ્ય સ્થળ હોય એ સ્વાભાવિક ગણાય છે, તો વિવિધ વાજિંત્રનો નિનાદ એની મુખ્ય 'સાઉન્ડ ઇફેક્ટ' છે.

હાલના સમયમાં વળી અર્વાચીન મેળા પણ યોજવા લાગ્યા છે જેમાં કોઇ તહેવાર કે તિથિ નિશ્ચિત હોતી નથી પણ ફક્ત આનંદપ્રમોદ જ હોય છે, આવો મેળો 'આનંદમેળો' પણ કહેવાય છે.

મૂળ વાત એ છે કે મેળો કોઇપણ ધાર્મિક કે સાંસ્કૃતિક કારણોસર યોજાતો હોય, એનો હેતુ જનસમુદાયને રોજિંદા સુખદુઃખ વિસારે પાડીને આનંદ આપવાનો અને ઉજવણી કરવાનો હોય છે. ફિલ્મોમાં પણ મેળાને એક અનોખું સ્થાન મળ્યુ છે. આ નામથી જ ફિલ્મો બની છે તો ગુજરાતી



Scanned by CamScanner

કવિઓએ પણ મેળાને ધ્યાનમાં રાખીને ગીતો, ગઝલો, કાવ્યો, લખ્યાં છે. 'શ્રાવણી મેળો' નામની પ્રસિદ્ધ વાર્તા ઉમાશંકર જોશીએ લખી છે.

મેળો ભાતીગળ સંસ્કૃતિનું પ્રતીક છે, રોજિંદા જીવનના થાક અને દોડધામને ઘડી વિસારે પાડી દઇ રગશિયા ગાડાંને ઊંજણ ઉપલબ્ધ કરાવે છે મેળાઓ.

**136.** મેળો કેવા પ્રકારની ઉજવણી છે?

(1) પારંપારિક

(2) ઐતિહાસિક

(3) ભાતીગળ

(4) સાંસ્કૃતિક

**137.** 'દેવમંદિર' કેવા પ્રકારનો સમાસ છે?

(1) દ્વિગુ

(2) કર્મધારય

(3) મધ્યમપદલોપી

(4) તત્પુરુષ

**138.** 'બહુચરાજીનો મેળો'માં કઇ વિભક્તિ અનુપ્રયુક્ત છે?

(1) ષષ્ઠિ

(2) દ્વિતીયા તત્પુરુષ

(3) તૃતીયા

(4) અધિકરણ

**139.** ઉમાશંકર જોશીએ શેના વિશે વાર્તા લખી છે?

(1) તરણેતરનો મેળો

(2) શ્રાવણી મેળો

(3) વૌઠાના મેળા વિશે

(4) બહુચરાજીનો મેળો

**140.** 'નિનાદ'ની સમાનાર્થી સંજ્ઞા આપો

(1) શંખનાદ

(2) મેઘનાદ

(3) વેણુનાદ

(4) અવાજ



Scanned by CamScanner

**141.** 'અર્વાચીન'નો વિરુદ્ધાર્થી શબ્દ ક્યો છે?

(1) પ્રાચીન

(2) આધુનિક

(3) નામચીન

(4) અકસાઇ ચીન

**142.** 'વિરાટ, વિશાળ, વિસ્તૃત વિલક્ષણ....' માં કયો અલંકાર વાપરાયેલો છે?

(1) ઉપમા

(2) દષ્ટાન્ત

(3) વર્ણસગાઇ

(4) અનન્વય

**143.** ગુજરાતનો ક્યો મેળો જગપ્રસિદ્ધ બની રહેલો છે?

(1) ભવનાથનો મેળો

(2) તરણેતરનો મેળો

(3) અંબાજીનો મેળો

(4) વૈઠાનો મેળો

*નિર્દેશ* : નીચે આપેલ પરિચ્છેદને કાળજીપૂર્વક વાંચીને તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તરોમાંથી યોગ્ય ઉત્તર પસંદ કરીને લખો (પ્રશ્ન ક્રમાંક **144–150**) :

માનવજીવનામાં પ્રવાસ, પર્યટન, યાત્રાનું મહત્વ કંઇ અનોખું જ છે. વિધવિધ કારણોસર માણસે એકથી અન્ય સ્થળે જવું પડે છે. પ્રવાસના મુખ્ય ત્રણ કારણો હોઇ શકે – વ્યવસાય, વ્યવહાર અને વ્યક્તિગત. આ ત્રણેય કારણોસર લોકો એકથી અન્ય સ્થળે જતા હોય છે. આદિકાળથી જ પ્રવાસ સ્થળાંતર કે અન્ય નામે થતો રહ્યો છે અને પ્રવાસ માટે કારણો પણ માનવને મળતા રહ્યા છે.

ઉપર જેમ આપણે ત્રણ કારણો પ્રવાસ માટે ગણાવ્યા એમ ત્રણ માર્ગો પણ અત્યારે પ્રવાસ માટે આપણી પાસે છે. આ માર્ગો છે દરિયાઇ, ભૂમિ અને હવાઇ. ગુજરાતની વાત કરી એ તો ભારતમાં સૌથી લાંબો સમુદ્રકિનારો ધરાવતા રાજ્ય તરીકે ગુજરાતે છેલ્લા ૩૫૦થી પણ વધુ વર્ષોથી જળમાર્ગ વિકસાવ્યા છે અને વિશ્વભરમાં ઉદ્યોગધંધા ફેલાવ્યા છે. આ થયો વ્યવસાયિક પ્રવાસનો એક પ્રકાર.

અંગ્રેજોના આગમન પછી ભૂમિમાર્ગોની પણ ઉપયોગિતા વધતી ગઇ અને અનેક સડકો, પુલો, નાળાઓ અને બોગદાંઓના નિર્માણથી દેશમાં રેલમાર્ગ અને મોટરમાર્ગની એક ઇન્દ્રજાળ ઊભી થઇ ગઇ. મનુષ્યના પ્રવાસ માટે માર્ગ ખરા અર્થમાં મોકળા થયા અને મળતા થયા. પ્રવાસ માણસના વ્યક્તિત્વને ઘડે અને વિસ્તારે છે. સમસ્યાઓ અને આનંદ બંનેનો અનુભવ પ્રવાસમાં થાય છે.

હવે તો હવાઇયાત્રા દ્વારા જાણે દુનિયા એક નાનું ગામ બની ગઇ છે. અનેકરંગી દુનિયાને છેડે એક દિવસમાં પહોંચી જવાય એ કંઇ નાની વાત નથી. રાઇટ બંધુઓએ આ એક અભૂતપૂર્વ ક્રાંતિ કરી છે કે હવાઇજહાજની એમણે માનવજાતને અણમોલ સોગાદ આપી.

આવું જ રેલ્વે વિશે પણ કહી શકાય. આરંભે બોમ્બે બરોડા અને સેંટ્રલ ઇન્ડિયા (બીબી એન્ડ સીઆઇ) અને ગ્રેટ



Scanned by CamScanner

ઇન્ડિયન પેનિન્સ્યુલર રેલ્વે (જીઆઇપી) જેવી કંપનીઓ દ્વારા ચલાવાતી રેલ્વે વ્યવસ્થા અત્યારે ઇંડિયન રેલ્વે દ્વારા ચલાવાય છે. રેલસેવા પણ ભારતની જીવનરેખા છે. હવાઇયાત્રા સસ્તી થઇ છે તો જળરોમાંચ માટે જળમાર્ગો પણ છે.

અત્યારે તો યાત્રાનો સમીર વાઇ રહ્યો છે. ઉક્ત ત્રણેય માર્ગો માનવજાતને પ્રવાસ માટે આશીર્વાદ છે.

**144.** 'આશીર્વાદ'નો વિરુદ્ધાર્થી શબ્દ આપો.

(1) વાર્તાવાદ

(2) રાષ્ટ્રવાદ

(3) સામ્યવાદ

(4) અભિશાપ

**145.** એરોપ્લેનના શોધક કોણ હતા?

(1) લોર્ડ ડેલહાઉસી

(2) લોર્ડ માઉન્ટબેટન

(3) વિલ્બર રાઇટ

(4) લોર્ડ મેકોલે

**146.** 'વ્યવસાય, વ્યક્તિગત, વ્યાવસાયિક' માં ક્યો અલંકાર દૃષ્ટિગોચર થાય છે?

(1) ઉપમા

(2) વર્ણસગાઇ

(3) અનન્વય

(4) રૂપક

**147.** બીબી એન્ડ સીઆઈ અને જીઆઇપી શું છે?

(1) જીએસટી

(2) મંત્રાલય

(3) રેલ કંપનીઓ

(4) સમાચાર કંપનીઓ

**148.** 'સમીર'નો સમાનાર્થી' શબ્દ શું હશે?

(1) ઝમીર

(2) નીરક્ષીર

(3) અનિલ

(4) ખમીર

**149.** 'અનેકરંગી' કેવો સમાસ છે?

(1) કર્મધારય

(2) બહુવ્રીહિ

(3) અન્યપદપ્રધાન

(4) મધ્યમપદલોપી

**150.** 'જાણે દુનિયા એક નાનું ગામ બની ગઇ છે' વાક્યમાં આપના મતે લેખકે ક્યા અલંકારનો ઉપયોગ કર્યો છે?

(1) ઉત્પ્રેક્ષા

(2) વ્યતિરેક

(3) અનન્વય

(4) વર્ણાનુપ્રાસ



Scanned by CamScanner

આજનુ પેપર

# CTET

તારીખ-**9/12/18**

**www.pravinvankar.com**

ગુજરાતી ભાષા ભાગ-**2**

Scanned by CamScanner